### વાઈબ્રન્ટ સમિટ પહેલાં ગુજરાત સરકારનો માસ્ટરસ્ટ્રોક

# ટીપી અને નોટિફાઈડ વિસ્તારોમાં 'બિનખેતી' મંજૂરી પ્રક્રિયા સરળ કે નાબૂદ થવાની તૈયારી

**જાન્યુઆરી** ૨૦૨૭ની વાઈબ્રન્ટ ગ્લોબલ સમિટ અગાઉ રાજ્ય સરકાર મોટો નિર્ણય લે તેવી શક્યતા

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૬
ગુજરાતમાં ઔદ્યોગિક રોકાણો અને વિકાસલક્ષી પ્રોજેક્ટ્સને વધુ વેગ આપવા માટે રાજ્ય સરકાર જમીનના બિનખેતી રૂપાંતરની મંજૂરી પ્રક્રિયાને અત્યંત સરળ બનાવવાની અથવા ચોક્કસ સંજોગોમાં નાબૂદ કરવાની ગંભીર વિચારણા કરી રહી છે. ખાસ કરીને ટાઉન પ્લાનિંગ વિસ્તારો અને નોટિફાઈડ ઔદ્યોગિક ઝોનમાં બિનખેતીની ફરજિયાત મંજૂરીની જોગવાઈમાં રાહત આપવામાં આવે તેવી પ્રબળ સંભાવના છે. આગામી જાન્યુઆરી ૨૦૨૭માં યોજાનારી 'વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ' પહેલાં આ દિશામાં કોઈ મોટો નિર્ણય લેવાય તો રાજ્યના ઉદ્યોગ જગત અને રોકાણકારો માટે આ એક ઐતિહાસિક રાહત સાબિત થઈ શકે છે. વર્તમાન સમયમાં રાજ્યમાં મોટા પાયે ઔદ્યોગિક રોકાણો આવી રહ્યા છે, પરંતુ જમીનને બિનખેતીના ઉપયોગ માટે મંજૂરી મેળવવાની લાંબી અને જટિલ પ્રક્રિયા ઉદ્યોગકારો અને રોકાણકારો માટે મોટો વહીવટી પડકાર બની રહી છે. વિવિધ વિભાગોમાંથી મંજૂરીઓ મેળવવામાં લાંબો સમય લાગતો હોવાથી પ્રોજેક્ટ્સના અમલીકરણમાં મોડું થાય છે. પરિણામે, બાંધકામ શરૂ કરવામાં વિલંબ થવાની સાથે પ્રોજેક્ટનો એકંદરે ખર્ચ પણ વધી જાય છે. આ પરિસ્થિતિમાંથી બહાર આવવા અને રોકાણકારો માટે વધુ અનુકૂળ તેમજ પારદર્શક વાતાવરણ ઊભું કરવા સરકાર આ પગલું ભરવા જઈ રહી છે. સરકારના વિચારાધીન પ્રસ્તાવ અનુસાર, ટીપી સ્કીમ હેઠળ આયોજનબદ્ધ રીતે વિકસાવવામાં આવેલા વિસ્તારો અને નોટિફાઈડ ઔદ્યોગિક ક્ષેત્રોમાં જમીન વપરાશની મંજૂરી પદ્ધતિની સમીક્ષા કરવામાં આવશે. જો આવા વિસ્તારોમાં અલગથી NA મંજૂરી મેળવવાની ફરજિયાત શરત હળવી કે દૂર કરવામાં આવે, તો ઉદ્યોગો સ્થપાવાની પ્રક્રિયા અત્યંત ઝડપી બની જશે. આ ફેરફારની સકારાત્મક અસર માત્ર ઔદ્યોગિક એકમો પૂરતી મર્યાદિત નહીં રહે, પરંતુ રિયલ એસ્ટેટ પ્રોજેક્ટ્સ, હોસ્પિટલો અને હેલ્થકેર યુનિટ્સ, કોમર્શિયલ કોમ્પ્લેક્સિસ, મિક્સ-યુઝ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ્સ. આ તમામ ક્ષેત્રોને પણ વહીવટી અવરોધોમાંથી મુક્તિ મળવાની અને સમયસર મંજૂરીઓ મળવાથી બાંધકામ ઝડપથી શરૂ થવાની પૂરેપૂરી શક્યતા છે. બિનસત્તાવાર સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, તમામ પ્રકારની જમીનો માટે એકસરખા નિયમો લાગુ કરવા મુશ્કેલ હોવાથી, ગણોતધારા સહિતના અન્ય મહેસૂલી કાયદાઓ લાગુ પડતા હોય તેવી જમીનોના કિસ્સામાં કાયદાકીય જોગવાઈઓનું પાલન કેવી રીતે સુનિશ્ચિત કરવું તે અંગે સરકાર ઝીણવટભરી સમીક્ષા કરી રહી છે. તમામ કાનૂની પાસાઓ ચકાસ્યા બાદ જ સરકાર આ અંગે અંતિમ સત્તાવાર જાહેરાત કરશે. અહીં ઉલ્લેખનીય છે કે, અગાઉ રાજ્ય સરકાર દ્વારા 'ગામ તળ' વિસ્તારમાં આવેલી જમીનો માટે બિનખેતીની મંજૂરીની જરૂરિયાત નાબૂદ કરવામાં આવી હતી. આ જ સફળ મોડેલને હવે ટીપી વિસ્તારો અને નોટિફાઈડ ઔદ્યોગિક વિસ્તારો સુધી વિસ્તારવાની દિશામાં સરકાર આગળ વધી રહી છે.

### વોર્ડ નં. 7ના ભાજપના અગ્રણીએ સોશિયલ મીડિયા પર રોષ ઠાલવ્યો

# 30 વર્ષની ભાજપની અવિરત સેવા છતાં અવગણના: કાર્યકરે આક્રોશ વ્યક્ત કર્યો

( પ્રતિનિધિ ) વડોદરા,તા.26
વડોદરા મહાનગરપાલિકાના વોર્ડ નં. 7ના ભાજપના સક્રિય અગ્રણી અને પૂર્વ યુવા મોરચાના મંત્રી ધનરાજ રાયબોલેનો પક્ષના સંગઠન અને નેતૃત્વ સામેનો આંતરિક રોષ સામે આવ્યો છે. એક વિડીયો ઈન્ટરવ્યૂમાં તેમણે 30 વર્ષની નિષ્ઠાવાન સેવા છતાં અવગણના થતી હોવાનો ગંભીર આક્ષેપ કરતા ભાજપમાં ખળભળાટ મચ્યો છે. ધનરાજ રાયબોલેના જણાવ્યા મુજબ, તેઓ છેલ્લા 30 વર્ષથી પક્ષ માટે નિષ્ઠાપૂર્વક કામ કરી રહ્યા છે. આનંદનગર વિસ્તારના 3 બૂથની તમામ વ્યવસ્થા તેઓ એકલા હાથે સંભાળે છે અને ત્યાં ભાજપની પકડ મજબૂત કરવામાં તેમનું મોટું યોગદાન છે. તેમ છતાં પાયાના કાર્યકર્તાઓની અવગણના થઈ રહી



છે. તેમણે સ્પષ્ટતા કરતા કહ્યું કે, માત્ર સંજયભાઈ જોશી સાથે સંબંધ કે સમર્થન હોવાને કારણે તેમને પક્ષમાં અલગ પાડવામાં આવે છે. સંજયભાઈ જોશીના સમર્થક હોવાનો અર્થ એ નથી કે તેઓ પાર્ટીના દુશ્મન છે, તેઓ આજે પણ પાર્ટી માટે જ કામ કરી રહ્યા છે. વધુમાં તેમણે આક્ષેપ કર્યો હતો કે, છેલ્લા 2-3 વર્ષમાં પક્ષમાં આવેલા નવા લોકોને ચેરમેન, શિક્ષણ સમિતિ જેવા મોટા હોદ્દા આપી દેવામાં આવે છે, જ્યારે જૂના વફાદાર કાર્યકર્તાઓને પૂછવામાં પણ આવતું નથી. નેતૃત્વ પર સીધો પ્રહાર કરતા તેમણે કહ્યું હતું કે, ક્રિકેટરોને કરોડો રૂપિયાની જમીનો આપી દેવામાં આવે છે, પરંતુ એક સામાન્ય સક્રિય કાર્યકર્તાની લારી ચાલુ રહે કે તેની આજીવિકા સચવાય તેની કાળજી હોદ્દેદારો લેતા નથી. જોકે, તમામ અન્યાય છતાં તેમણે પાર્ટી પ્રત્યેની વફાદારી અડગ હોવાનું કહ્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે, ભલે ભીખ માંગવી પડે કે લારી બંધ કરવી પડે, પણ તેઓ પક્ષનું કામ ક્યારેય નહીં છોડે અને હંમેશા ભાજપ માટે જ કામ કરતા રહેશે.

### રૂ. ૧.૭૯ લાખના દાગીનાની ચોરી કરી ફરાર

# વડસર રોડ પર બંધ મકાનનાં તાળાં તોડી તસ્કરો ત્રાટક્યા

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૬
પવનનગરમાં રહેતા અરવિંદભાઈ રાવળ વર્ષ 2018માં નિવૃત્ત થયા હતા. તેમની પત્ની મધુબેનનું ગત 9 ઓગસ્ટે કેન્સરની બીમારીના કારણે અવસાન થયું હતું. અરવિંદભાઈને હૃદયની બીમારી હોવાથી ગત 21 ઓક્ટોબરે તેમના નાના પુત્ર અમિત તેમને અને માતા શાંતાબેનને ભરૂચ લઈ ગયા હતા. દરમિયાન બીજા દિવસે અરવિંદભાઈ સાથે રહેતા પુત્ર મુકેશનો ફોન આવ્યો હતો. તેણે પિતાને મળવા ભરૂચ આવવાનું જણાવ્યા બાદ મોટરસાઈકલ લઈને નીકળ્યો હતો, પરંતુ ભરૂચના નબીપુર ગામ નજીક વરડિયા ચોકડી પાસે તેનો અકસ્માત થયો હતો. પુત્રના અકસ્માતની જાણ થતાં પરિવારજનો ભરૂચ સિવિલ હોસ્પિટલ પહોંચ્યા હતા. સારવાર બાદ પરિવાર ભરૂચમાં જ રોકાયો હતો. આ દરમિયાન 23 ઓક્ટોબરની વહેલી સવારે પાડોશી મહેશભાઈ માછીએ ફોન કરીને મકાનના દરવાજા ખુલ્લા હોવાની જાણ કરી હતી. જેથી અરવિંદભાઈ તાત્કાલિક વડોદરા આવ્યા હતા. ઘરે પહોંચતાં કંપાઉન્ડના દરવાજાનો નકૂચો તૂટેલો હતો. સેફ્ટી ગ્રીલ અને લાકડાના મુખ્ય દરવાજાના તાળાં પણ તૂટેલી હાલતમાં જોવા મળ્યાં હતાં. ઘરમાં તપાસ કરતાં બે લોખંડની તિજોરીઓનાં લોક તૂટેલાં હતાં અને એક તિજોરીના ખાનામાં રાખેલા સોનાના દાગીના ગાયબ હોવાનું જણાયું હતું. તસ્કરો સોનાનું મંગળસૂત્ર, ચેઈન, બુટ્ટી, વીંટી સહિતના દાગીના ચોરી ગયા હોવાનું અને રૂ. 1.79 લાખનિ મતા ગુમ થઈ હોવાનું માલુમ પડયું છે. પુત્રના અકસ્માત અને સારવારની દોડધામને કારણે ફરિયાદ નોંધાવવામાં વિલંબ થયો હતો. બનાવ અંગે માંજલપુર પોલીસે ફરિયાદના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

# દુમાડ ગામે જાળીમાં ફસાયેલી શાહુડીનું રેસ્ક્યુ



( પ્રતિનિધિ ) વડોદરા,તા.26
વડોદરા નજીક આવેલા દુમાડ ગામે માનવતા અને જીવદયાનું હૃદયસ્પર્શી દૃશ્ય જોવા મળ્યું હતું. ગામના ખેડૂત કનુભાઈ ઠાકોરના ખેતરની ફરતે લગાવેલી તારની જાળીમાં એક શાહુડી ફસાઈ ગઈ હતી. ખેતરમાં જતા ખેડૂતની નજર પડતા તરત જ તેમણે આ અંગે સ્થાનિક આગેવાનોને જાણ કરી હતી. ઘટનાની જાણ થતા જ ગામમાં સેવાભાવી પ્રવૃત્તિ માટે જાણીતા બાપા સીતારામ સેવા ભજન મંડળના પ્રમુખ વિષ્ણુભાઈ પટેલ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. કે વિષ્ણુભાઈએ ડર્યા વગર ધીરજપૂર્વક અને ખૂબ જ સાવચેતીથી તાર કાપીને સાહુડીને હેમખેમ બહાર કાઢી હતી.

### તરસાલી બાયપાસ પાસેની સોસાયટીના પાર્કિંગમાં દારૂનું કટિંગ ચાલતુ હતું

# માંજલપુર પોલીસે રૂા.૩૦.૭૫ લાખનો દારૂ સહિતનો મુદ્દામાલ ઝડપી પાડ્યો

( પ્રતિનિધિ ) વડોદરા,તા.26
તરસાલી બાયપાસ પાસે આવેલી દ્વારકેશ હાઈવ્યુ સોસાયટીના પાર્કિંગમાં વિદેશી દારૂનું કટિંગ ચાલી રહ્યું હોવાનો પર્દાફાશ કરી મકરપુરા પોલીસે ત્રણ આરોપીઓને ઝડપી પાડ્યા છે. પોલીસની ટીમે દરોડો પાડી વિદેશી દારૂની 1,855 બોટલ, ક્વાર્ટર અને બિયરના ટીન સહિત કુલ રૂ. 30.75 લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. જેમાં રૂ. 5.50 લાખનો દારૂ, રૂ. 23 લાખની બે કાર અને રૂ. 2.25 લાખના પાંચ મોબાઈલ ફોનનો સમાવેશ થાય છે. પોલીસ કમિશનર નરસિમ્હા કોમારની સૂચનાના આધારે મકરપુરા પીઆઈ એ.એમ. ગોહિલની ટીમ વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહી હતી. દરમિયાન બાતમી મળી હતી કે, તરસાલી બાયપાસ પાસે આવેલી દ્વારકેશ હાઈવ્યુ સોસાયટીના પાર્કિંગમાં બે સફેદ કારમાં વિદેશી દારૂનો જથ્થો મૂકીને કટિંગ કરવામાં આવી રહ્યું છે.





બાતમીના આધારે પોલીસે પંચોને સાથે રાખીને સ્થળ પર દરોડો પાડ્યો હતો. આ દરમિયાન બે સફેદ કાર પાસે પૂંઠાનાં બોક્સ મૂકતા ત્રણ શખસો મળી આવતાં તેમને ઝડપી લેવામાં આવ્યા હતા. પોલીસને સ્થળ પરથી વિદેશી દારૂની 1,855 બોટલ, ક્વાર્ટર અને બિયરના ટીન મળી રૂ. 5.50 લાખનો દારૂ મળી આવ્યો હતો. આ ઉપરાંત રૂ. 10 લાખની મહિન્દ્રા XUV કાર, રૂ. 13 લાખની નંબર પ્લેટ વગરની હ્યુન્ડાઈ ક્રેટા કાર અને રૂ. 2.25 લાખના પાંચ મોબાઈલ ફોન કબજે કરવામાં આવ્યા હતા. પોલીસે આકાશકુમાર અશોકભાઈ ઠાકરડા (ઉં.વ. 27), રહે. ભાલીયાપુરા ગામ, વડોદરા; સ્વરાજસિંહ રતનસિંહ રાજપૂત (ઉં.વ. 25), રહે. તરસાલી ગામ, વડોદરા અને વિજયભાઈ પ્રભાતભાઈ ઠાકરડા (ઉં.વ. 45), રહે. દ્વારકેશ હાઈવ્યુ સોસાયટી, તરસાલી બાયપાસ, વડોદરા, સામે વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### સ્થાનિક પોલીસ મામલો રફેદફે કરતી હોવાનો આક્ષેપ

# માંજલપુરમાં માથાભારે ઉમેશ પાટીલનો વધતો આતંક

( પ્રતિનિધિ ) વડોદરા,તા.26
માંજલપુર પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં મારામારીનો વધુ એક વીડિયો વાયરલ થયો છે. આ વીડિયોમાં માર મારનાર વ્યક્તિ ઉમેશ પાટીલ હોવાનું કહેવાઈ રહ્યું છે. ઉલ્લેખનીય છે કે, ત્રણ મહિના પહેલા પણ આ જ ઉમેશ પાટીલનો અન્ય વ્યક્તિને માર મારતો વીડિયો વાયરલ થયો હતો. વારંવાર આવા વીડિયો વાયરલ થવા અને ફરિયાદો થઈ હોવા છતાં માંજલપુર પોલીસ દ્વારા કોઈ મોટી કાર્યવાહી ન થતી હોવાનો સ્થાનિકોમાં રોષ જોવા મળી રહ્યો છે. લોકો સવાલ ઉઠાવી રહ્યા છે કે આવા માથાભારે તત્વ સામે પાસા કે તડીપાર જેવી કડક કાર્યવાહી કેમ કરવામાં આવતી નથી. સ્થાનિક ચર્ચા મુજબ, ઉમેશ પાટીલની ઉપર સુધી ઓળખાણ હોવાનું કહેવાય છે. થોડા સમય પહેલા તે ઈંગ્લિશ દારૂનું વેચાણ કરતો હતો ત્યારે પણ પોલીસે કોઈ કાર્યવાહી કરી ન હતી.



એટલું જ નહીં, તે સ્ટેટ મોનિટરિંગ સેલનો બાતમીદાર અને સરકારી પંચ હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે, જેના કારણે સ્થાનિક પોલીસ તેનાથી ડરતી હોવાનો આક્ષેપ થઈ રહ્યો છે. વધુમાં એવી પણ ચર્ચા છે કે થોડા સમય પહેલા માંજલપુર પોલીસ મથકમાં સર્વેલન્સમાં ફરજ બજાવતા એએસઆઈ જય કિશન પર એસીબીની કાર્યવાહી પણ ઉમેશ પાટીલે કરાવી હતી. જેના કારણે સ્થાનિક પોલીસ માત્ર નાની-મોટી કાર્યવાહી કરી મામલો રફેદફે કરી દે છે.

### પાંચ વર્ષથી સંઘર્ષ છતાં પરિણામ શૂન્ય

# સાવલીના પોઈચા રાણિયામાં ખાનગી કંપનીના પાર્કિંગ મુદ્દે વૃદ્ધનો સંઘર્ષ

**ન્યાય નહીં મળે** તો આત્મવિલોપનની ચીમકી

(પ્રતિનિધિ), વડોદરા. તા.26
સાવલી તાલુકાના પોઈચા રાણિયા ગામે જાહેર રસ્તા પર ખાનગી કંપનીના વાહનોના ગેરકાયદેસર પાર્કિંગનો ગંભીર મામલો સામે આવ્યો છે. અહીં આવેલી લેક્ટોસ ઈન્ડિયા લિમિટેડ કંપની દ્વારા ગામના જાહેર રોડ અને સરકારી પડતર જમીન પર નિયમ વિરુદ્ધ વાહનો પાર્ક કરવામાં આવતા હોવાનો આક્ષેપ સ્થાનિક જાગૃત નાગરિક અને પૂર્વ સરપંચ દ્વારા કરવામાં આવ્યો છે. આ સમસ્યાના નિવારણ માટે છેલ્લા પાંચ વર્ષથી લડાઈ લડી રહેલા વૃદ્ધ નાગરિકને હજુ સુધી કોઈ જ ન્યાય મળ્યો નથી. સ્થાનિક જાગૃત નાગરિક અને પૂર્વ ન્યાય સમિતિના ચેરમેન ભૈજીભાઈ મકવાણા



છેલ્લા પાંચ વર્ષથી આ ગેરકાયદેસર દબાણ અને પાર્કિંગ સામે કાયદાકીય લડાઈ લડી રહ્યા છે. આ અંગે સાવલી તાલુકા કચેરીથી લઈને વડોદરા જિલ્લા કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારી સુધી અનેક લેખિત રજૂઆતો કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૪માં ઉચ્ચ કક્ષાએ રજૂઆત બાદ તપાસ થતાં થોડા સમય માટે પાર્કિંગ બંધ રહ્યું હતું. પરંતુ થોડા દિવસોમાં જ પરિસ્થિતિ પહેલા જેવી હતી એવી થઈ ગઈ હતી અને ફરીથી વાહનોનું પાર્કિંગ શરૂ કરી દેવામાં આવ્યું હોવાનો આક્ષેપ કરાયો છે. ભૈજીભાઈ મકવાણાએ રોષ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, આ મામલે જિલ્લા વિકાસ અધિકારી દ્વારા દબાણ હટાવવા અંગેનો સત્તાવાર હુકમ કરવામાં આવ્યો હતો જેને પણ એક વર્ષથી વધુ સમય વીતી ચૂક્યો છે. તેમ છતાં સ્થાનિક કક્ષાના અધિકારીઓની મિલીભગત કે બેદરકારીના કારણે આ હુકમનું પાલન કરાવવામાં આવ્યું નથી અને કંપની દ્વારા જાહેર રસ્તા પરનું દબાણ યથાવત રાખવામાં આવ્યું છે. વર્ષોથી ચાલતી રજૂઆતો અને સરકારી દફતરે ફાઈલ રઝળતી હોવાથી વ્યથિત બનેલા ભૈજીભાઈએ હવે અંતિમ પગલા રૂપે આત્મવિલોપન કરવાની ચીમકી ઉચ્ચારી છે.

### વડોદરાના પશ્ચિમ ઝોનવાસીઓ માટે રાહત થશે

# ભાયલી વિસ્તારમાં નવી ડ્રેનેજ લાઈનનું કામ અંતિમ ચરણમાં

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૬
શહેરમાં નાગરિકોને પાયાની અને ઉત્તમ સુવિધાઓ પૂરી પાડવા માટે વડોદરા મહાનગરપાલિકા સતત કાર્યરત છે. શહેરીજનોના આરોગ્ય અને સુખાકારીને ધ્યાનમાં રાખીને પાલિકા દ્વારા પશ્ચિમ ઝોનના વોર્ડ નં. ૧૦ અંતર્ગત આવતા ભાયલી વિસ્તારમાં ડ્રેનેજની સમસ્યાના કાયમી નિવારણ માટે એક મહત્વપૂર્ણ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે. ભાયલી વિસ્તારમાં SWC સર્કલથી ભાયલી ગામ થઈ લલીતા પાર્ટી પ્લોટ તરફના રસ્તા પર અગાઉ હયાત ડ્રેનેજ ગ્રેવિટી લાઈન નાના ડાયામીટરની હોવાને કારણે વારંવાર ચોકઅપ થવાની અને ગંદા પાણી ઉભરાવવાની ગંભીર સમસ્યા સર્જાતી હતી. આ પ્રોજેક્ટ અંતર્ગત SWC સર્કલથી ભાયલી ગામ થઈ લલીતા પાર્ટી પ્લોટ થઈ સોલારીસ-૨ સુધી અંદાજે ૯૦૦ મીટર લંબાઈમાં ઓપન એક્સકેવેશન તેમજ અન્ય ૯૦૦ મીટર લંબાઈમાં મેન્યુઅલ પુશીંગ પદ્ધતિથી કુશળતાપૂર્વક કામગીરી કરવામાં આવી રહી છે. કુલ ૧૦.૪૫ કરોડના જંગી ખર્ચે હાથ ધરાયેલી આ પ્રોજેક્ટની કામગીરી 'સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના સને ૨૦૨૪-૨૫' ની આઉટગ્રોથ ગ્રાંટમાંથી મંજૂર કરવામાં આવી છે. આ પ્રોજેક્ટની વિશેષતા અંગે માહિતી આપતા પાલિકાના સત્તાધીશોએ જણાવ્યું હતું કે, આ કામગીરીમાં RCC શાફ્ટ બનાવીને પુશીંગ કરવામાં આવે છે, જેમાં શાફ્ટની ઊંડાઈ આશરે ૫.૫ થી ૬.૦ મીટર જેટલી રાખવામાં આવી છે. હાલમાં આ મહત્વપૂર્ણ ડ્રેનેજ પ્રોજેક્ટની કામગીરી ૯૬% જેટલી સફળતાપૂર્વક પૂર્ણ થઈ ચૂકી છે. જૂની અને અપૂરતી ક્ષમતાવાળી લાઈનના સ્થાને આ નવીન ડ્રેનેજ ગ્રેવિટી લાઈન કાર્યરત થવાથી વિસ્તારમાં ડ્રેનેજ ચોકઅપ થવાની તથા ગંદા પાણીના નિકાલને લગતી તમામ સમસ્યાઓનો કાયમી અંત આવશે.

### ઘરેલુ ગેસના બોટલમાંથી નાના-મોટા બોટલમાં ગેસ ભરાતો હતો

# મંજુસરની પ્રોવિઝન સ્ટોરમાંથી ગેસ રિફિલિંગ કૌભાંડનો પર્દાફાશ

મહિલા સહિત બે ઝડપાયાં : 50 ઉપરાંત ગેસના બોટલો સહિત રૂ.1.09 લાખનો મુદ્દામાલ જપ્ત

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૬
મંજુસર ગામે બસ સ્ટેન્ડ પાસે આવેલી દિલીપ પ્રોવિઝન સ્ટોરમાં ઘરેલુ ગેસના બોટલમાંથી અન્ય બોટલમાં ગેરકાયદે ગેસ રિફિલિંગ કરી ફરી સીલ મારી વેચાણ કરવાના કથિત કૌભાંડનો પર્દાફાશ થયો છે. મંજુસર પોલીસે દરોડો પાડીને દુકાનમાં ગેસ રિફિલિંગ કરતા નરેન્દ્રસિંહ માનસિંહ રાજપૂત અને દુકાન ચલાવતાં રોશનબેન વોરાને ઝડપી પાડ્યાં હતાં. પોલીસે સ્થળ પરથી કોમર્શિયલ અને ઘરેલુ વપરાશના ગેસના બોટલ, બે મોબાઈલ ફોન, વજનકાંટો, ગેસ રિફિલિંગની પાઈપ સહિત રૂ.1.09 લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસને બાતમી મળી હતી કે મંજુસર ગામના બસ સ્ટેન્ડ પાસે આવેલી દિલીપ પ્રોવિઝન સ્ટોરની બહાર ગેસના બોટલો પડ્યા છે અને દુકાનમાં શંકાસ્પદ પ્રવૃત્તિ ચાલી રહી છે. આ બાતમીના આધારે પોલીસ દુકાનમાં તપાસ કરતાં એક શખસ ગેસના મોટા બોટલમાંથી નાના બોટલમાં પાઈપ વડે ગેસ ભરતો મળી આવ્યો હતો. પોલીસે સ્થળ પરથી નરેન્દ્રસિંહ રાજપૂત અને દુકાન ચલાવતાં રોશનબેન વોરાને ઝડપી પાડ્યાં હતાં. પોલીસ તપાસ દરમિયાન દુકાનમાંથી કોમર્શિયલ વપરાશના 13 અને ઘરેલુ વપરાશના નાના-મોટા 35 ગેસના બોટલ મળી આવ્યા હતા. આરોપીઓ અલગ-અલગ જગ્યાએથી ગેસના સીલબંધ બોટલ મંગાવી સીલ તોડી તેમાંથી નાના-મોટા બોટલમાં ગેસ ભરતા અને ત્યારબાદ ફરી સીલ મારી ગ્રાહકોને વેચતા હોવાની કબુલાત કરાઈ છે. પોલીસે કોમર્શિયલ ગેસના ભરેલા કે અર્ધભરેલા 10 અને ખાલી ત્રણ બોટલ, ઘરેલુ વપરાશના મોટા નવ ભરેલા કે અર્ધભરેલા અને બે ખાલી બોટલ તેમજ નાના 20 ભરેલા કે અર્ધભરેલા અને છ ખાલી બોટલ કબજે કર્યા હતા.

આ ઉપરાંત બે મોબાઈલ ફોન, ગેસ રિફિલિંગ માટેની પાઈપ, વજનકાંટો અને ગેસના બોટલનાં સીલ-ઢાંકણ સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ મામલે નરેન્દ્રસિંહ માનસિંહ રાજપૂત (ઉં.વ.30), મૂળ રાજસ્થાનના રાજસમંદ જિલ્લાના વતની અને હાલ મંજુસરના પરદેશી નગર સોસાયટીમાં રહેતા, તેમજ રોશનબેન વોરા (ઉં.વ.47), રહે. પરદેશી નગર સોસાયટી, સોખડા રોડ, મંજુસર સામે ગુનો નોંધવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

**થનગનાટ** કારતક મહિનો નવેમ્બરમાં શરૂ થશે : તહેવારોની મોસમને લઈને બજારોમાં અને લોકોમાં અનેરો ઉત્સાહ જોવા મળશે

# આ વર્ષે દિવાળી બાદ 'પડતર દિવસ'નો યોગ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૬
દિવાળીના તહેવારોને લઈને લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આ વર્ષે દિવાળી અને નવા વર્ષ વચ્ચે એક પડતર દિવસ આવશે. પ્રાપ્ત માહિતી અનુસાર, આગામી તા. ૫ નવેમ્બરના રોજ દિવાળી રહેશે. જ્યારે તા. ૯ નવેમ્બરે સોમવતી અમાસના દિવસે પડતર દિવસ રહેશે. આ દિવસે મોટાભાગના પરિવારો કોઈ શુભકાર્ય કરતા નથી. ત્યારબાદ તા. ૧૦ નવેમ્બરના રોજ નૂતનવર્ષ શરૂ થશે અને તા. ૧૧ નવેમ્બરના રોજ ભાઈબીજની ઉજવણી કરવામાં આવશે. આ વખતે રવિવારના દિવસે દિવાળી આવે છે, જ્યારે બુધવારે ભાઈબીજ અને શનિવારે લાભ પાંચમ છે. વર્ષ ૨૦૨૩માં જેવો યોગ હતો, તેવો જ સમય આ વખતે જોવા મળી રહ્યો છે. અગાઉ વર્ષ ૨૦૨૨માં ખંડગ્રાસ સૂર્યગ્રહણને કારણે પડતર દિવસ આવ્યો હતો. જ્યોતિષ શાસ્ત્ર અનુસાર તહેવારોમાં તિથિનું વિશેષ મહત્ત્વ હોય છે. આ વખતે નવું વર્ષ કારતક મહિનામાં શરૂ થઈ રહ્યું છે. દેવ દિવાળીથી લગ્ન સહિત કેટલાય શુભ મુહૂર્ત શરૂ થઈ રહ્યા છે. દશેરા બાદ માર્કેટમાં દિવાળીની રોનક જોવા મળશે અને ખાસ કરીને મહાનગર સહિત દરેક શહેર-જિલ્લાના લોકલ માર્કેટમાં દિવાળીનો રંગ જામશે.





**કરવાચોથ** : તા. ૨૯ ઓક્ટોબરના રોજ કરવાચોથ છે.
**રવિપુષ્ય યોગ** : તા. ૧ નવેમ્બરના રોજ રવિવારે રવિપુષ્ય યોગ છે.
**રમા એકાદશી અને વાકબારસ** : તા. ૫ નવેમ્બરના રોજ ગુરુવારે રમા એકાદશી છે અને વાકબારસ પણ છે.
**ધનતેરસ અને કાળી ચોદશ** : તા. ૬ નવેમ્બરના રોજ શુક્રવારે ધનતેરસ છે, જ્યારે ૭ નવેમ્બરના રોજ શનિવારે કાળી ચોદશ છે.
**દિવાળી અને ચોપડા પૂજન** : તા. ૮ નવેમ્બરના રોજ રવિવારે દિવાળીના પર્વ પર ચોપડાપૂજન તથા ઘરે ઘરે દીવા થશે. આ દિવસે મંદિરોમાં પણ ખાસ દર્શનની વ્યવસ્થા કરવામાં આવે છે. વડોદરા, અમદાવાદ, રાજકોટ, સુરતના મંદિરોમાં દિવાળીના આગળના દિવસે દીવાથી સુશોભન માટે તૈયારીઓનો ધમધમાટ શરૂ થઈ જશે.
**અમાસ અને નૂતનવર્ષ** : તા. ૯ નવેમ્બરના રોજ અમાસ છે, તા. ૧૦ નવેમ્બરના રોજ મંગળવારે નૂતનવર્ષ છે.
**ભાઈબીજ** : તા. ૧૧ નવેમ્બરે બુધવારે અને તા. ૧૪ નવેમ્બરના શનિવારના રોજ ભાઈબીજ છે.

**તિથિ, નક્ષત્ર અને ગ્રહોની સ્થિતિનું વિશેષ મહત્ત્વ**

જ્યોતિષ પ્રદીપ પંડ્યા ના જણાવ્યા મુજબ "જ્યોતિષ શાસ્ત્ર અનુસાર તહેવારોમાં તિથિ, નક્ષત્ર અને ગ્રહોની સ્થિતિનું વિશેષ મહત્ત્વ રહેલું છે. દરેક પર્વ માનવ જીવનમાં શ્રદ્ધા અને ઉત્સાહનો સંચાર કરે છે. આ વર્ષે કારતક માસની શરૂઆત અને તિથિઓની ગણતરી મુજબ દિવાળી તથા નૂતન વર્ષ વચ્ચે પડતર દિવસ આવી રહ્યો છે. પડતર દિવસ દરમિયાન કોઈ પણ પ્રકારના નવા કે શુભ કાર્યો વર્જિત ગણાય છે, જેથી આ સમયે ઈશ્વર ભક્તિ અને આરાધના કરવી શ્રેષ્ઠ રહે છે. ત્યારબાદ આવતા નૂતન વર્ષ, ભાઈબીજ અને લાભ પાંચમ જેવા તહેવારો સુખ, શાંતિ અને સમૃદ્ધિ લઈને આવશે. દેવ દિવાળીથી જ લગ્નસરા સહિતના તમામ માંગલિક કાર્યો માટેના શુભ મુહૂર્તોનો પ્રારંભ થશે."

### હવે દર ૬ મહિને સેલ્ફ ડિક્લેરેશન ફરજિયાત

# હાઈરાઈઝ બિલ્ડિંગો માટે ફાયર સેફ્ટીના નિયમો કડક બનશે

**15 મીટરથી વધુ ઊંચાઈની** રહેણાંક-વાણિજ્યિક ઇમારતો, શાળા, હોસ્પિટલ, હોટલ, મોલ અને પેટ્રોલપંપને પણ નવા નિયમો લાગુ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.26
રાજ્યમાં વડોદરા સહિત મોટા શહેરોમાં હાઈરાઈઝ બિલ્ડિંગોની સંખ્યા સતત વધી રહી છે. ત્યારે, આગના બનાવોને અટકાવવા અને નાગરિકોની સુરક્ષા માટે રાજ્ય સરકાર દ્વારા ફાયર સેફ્ટીના નિયમો વધુ કડક બનાવવામાં આવ્યા છે. ગુજરાત ફાયર પ્રિવેન્શન એન્ડ લાઈફ સેફ્ટી મેઝર્સ નિયમો-2025 હેઠળ હવે નવા માપદંડો નક્કી કરવામાં આવ્યા છે. જે મુજબ 15 મીટરથી વધુ ઊંચાઈ ધરાવતી તમામ રહેણાંક અને વાણિજ્યિક ઈમારતોમાં ફાયર સેફ્ટી સર્ટિફિકેટ ફરજિયાત કરવામાં આવ્યું છે. આ સાથે જ શાળા-કોલેજો, હોસ્પિટલો, હોટલ, શોપિંગ મોલ, પેટ્રોલ પંપ, પાર્કિંગ બેઝમેન્ટ, ઔદ્યોગિક એકમો અને મોટા મંડપોને પણ આ નિયમના દાયરામાં લાવવામાં આવ્યા છે. નવા નિયમ મુજબ હવે બિલ્ડિંગના માલિક કે સોસાયટી એસોસિએશને દર 6 મહિને ફાયર સિસ્ટમ કાર્યરત હોવાનું સ્વ-ઘોષણાપત્ર ફાયર વિભાગને આપવું પડશે. ઈમારતમાં લગાવવામાં આવેલા સાધનો જેવા કે ઓટોમેટિક સ્પ્રિંકલર, ફાયર હાઈડ્રન્ટ, સ્મોક ડિટેક્ટર, ફાયર એલાર્મ અને એક્ઝિટ માર્ગો યોગ્ય સ્થિતિમાં છે કે નહીં તેની જવાબદારી પણ માલિકની રહેશે. નિષ્ણાતોનું માનવું છે કે ઘણા કિસ્સામાં ફાયર સેફ્ટીના સાધનો લગાવ્યા બાદ તેનું નિયમિત મેન્ટેનન્સ થતું નથી, જેના કારણે આગ લાગે ત્યારે સાધનો નકામા સાબિત થાય છે. આ સ્થિતિને ટાળવા માટે સરકારે હવે જાળવણી અને ટેકનિકલ ચકાસણી ફરજિયાત કરી છે. વડોદરા ફાયર બ્રિગેડના સૂત્રોના જણાવ્યા અનુસાર, શહેરમાં અનેક હાઈરાઈઝ સોસાયટીઓમાં ફાયર સિસ્ટમ બંધ હાલતમાં હોવાનું સામે આવ્યું છે. નવા નિયમથી આવી બેદરકારી સામે કાર્યવાહી કરવી સરળ બનશે અને કોઈ દુર્ઘટના સર્જાય તો જવાબદારી નક્કી કરવી પણ સહેલી બનશે. ઉલ્લેખનીય છે કે ફાયર સેફ્ટી માત્ર કાગળ પરની ઔપચારિકતા નથી, પરંતુ લોકોના જીવની સુરક્ષા સાથે જોડાયેલો અત્યંત મહત્વનો વિષય છે.